ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર

# મધ્ય ગુજરાત-સૌરાષ્ટ્ર જોડતો મુજપુર-ગંભીરા બ્રિજ ફરી જીવંત

**ટુ-વ્હીલર** માટે માર્ગ ખુલતા લોકોને મોટી રાહત મળશે

**બ્રિજ** ધરાશાયી બાદ સ્ટીલ સ્ટ્રક્ચર તૈયાર

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરા તાલુકા માટે મહત્વપૂર્ણ ગણાતો પાદરા-મુજપુર-ગંભીરા બ્રિજ ફરી એકવાર ટુ-વ્હીલર વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવતા સ્થાનિકોમાં રાહત અને ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ગત જુલાઈ માસથી બંધ રહેલા આ બ્રિજના ફરી પ્રારંભથી રોજિંદી અવરજવરમાં મોટી સરળતા આવી છે.

બ્રિજના વિધિવત ઉદ્ઘાટન પ્રસંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ તથા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના કરી બ્રિજને જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પાદરા તાલુકા માટે મહત્વપૂર્ણ મુજપુર-ગંભીરા બ્રિજ, જે ગત જુલાઈ માસમાં જર્જરિત હાલતને કારણે ધરાશાયી થયો હતો, તે હવે મરામત બાદ ટુ-વ્હીલર વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

બ્રિજ તૂટી પડતાં તંત્ર દ્વારા તેને તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે વડોદરા અને આણંદ જીલ્લા સહીત મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્ર તરફ જતાં હજારો લોકો માટે અવરજવર મુશ્કેલ બની ગઈ હતી. ખાસ કરીને બોરસદ તરફથી પાદરા નજીક આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં નોકરી માટે આવતા કામદારો તથા વિદ્યાર્થીઓને લાંબા સમયથી ભારે અગવડતા વેઠવી પડી હતી. બ્રિજના નુકસાનગ્રસ્ત ભાગે P4 અને P5 પિલર વચ્ચે સ્ટીલનું વિશેષ માળખું ઉભું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સ્તરે કામગીરી કરતી ટીમ દ્વારા આ સ્ટીલ સ્ટ્રક્ચર સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું છે, જેના આધારે હવે બ્રિજ પર ટુ-વ્હીલર તથા પગપાળા અવરજવર માટે માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે.

હાલ સ્ટીલના માળખા પર માત્ર દ્વિચક્રી વાહનો અને પગપાળા અવરજવર માટે જ મંજૂરી આપવામાં આવી છે, જ્યારે ભારે વાહનો માટે હજી પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. બ્રિજ ફરી શરૂ થતાં સ્થાનિકોમાં ખુશી જોવા મળી હતી. ખાસ કરીને રોજિંદી અવરજવર કરતા લોકો માટે હવે લાંબા અંતરની ફરતે જવાની જરૂર નહીં રહે, જેથી સમય અને ખર્ચ બંનેમાં બચત થશે. આ બ્રિજ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો મહત્વપૂર્ણ માર્ગ હોવાથી તેના પુનઃપ્રારંભથી વિસ્તારના પરિવહન અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

## સ્ટીલ સ્ટ્રક્ચરથી મજબૂતીકરણ

બ્રિજના નુકસાનગ્રસ્ત ભાગને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તેની મરામત અને મજબૂતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને બ્રિજના નબળા ભાગોને મજબૂત બનાવવા માટે સ્ટીલ સ્ટ્રક્ચરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિમાં બ્રિજ વધુ સુરક્ષિત રહી શકે. હાલ તબક્કાવાર રીતે બ્રિજને ટુ-વ્હીલર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે, જ્યારે ભારે વાહનો માટે હજી પ્રતિબંધ જાળવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

## લોકોને મળી મોટી રાહત

બ્રિજ ખુલતા જ સ્થાનિક લોકોમાં ખુશી છવાઈ ગઈ હતી. ખાસ કરીને પાદરા તરફ નોકરી તેમજ અભ્યાસ માટે આવતા-જતા કામદારો અને વિદ્યાર્થીઓ માટે હવે અંતર ઓછું થઈ ગયું છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં બચત થશે. રાહદારીઓએ પણ જણાવ્યું કે લાંબા સમયથી બ્રિજ બંધ હોવાને કારણે ભારે તકલીફ પડી રહી હતી, પરંતુ હવે પરિસ્થિતિ સામાન્ય બની રહી છે.

## વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું

પાદરા વિસ્તાર માટે આ બ્રિજ એક મહત્વપૂર્ણ જીવનરેખા સમાન છે. તેના પુનઃપ્રારંભથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચેનો સંપર્ક ફરીથી સુચારૂ બન્યો છે, જે સ્થાનિક વિકાસ માટે પણ ખૂબ મહત્વપૂર્ણ છે. સ્થાનિકોએ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો મરામત પૂર્ણ કરીને બ્રિજને ફરી શરૂ કરવામાં આવ્યો છે, અને આવનારા સમયમાં સંપૂર્ણ ક્ષમતા સાથે શરૂ કરવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

## ધરાશાયી થયાની ઘટના - ભયજનક પરિસ્થિતિ

ગત જુલાઈ માસ દરમિયાન જર્જરિત આ બ્રિજનો એક ભાગ અચાનક ધરાશાયી થઈ ગયો હતો. આ ઘટનાને કારણે બ્રિજ પરની અવરજવર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી હતી. જેમાં ૨૧ જેટલા લોકો મોત ને ભેટ્યા હતા, આ હૃદય સ્પર્શી ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા ફેલાવી હતી. બ્રિજ ધરાશાયી થતાં વડોદરા થી આણંદ અને મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્ર વચ્ચેનો સીધો સંપર્ક તૂટી ગયો હતો. પરિણામે લોકોને લાંબી મુસાફરી કરી જવું પડતું હતું, ખાસ કરીને નોકરી, શિક્ષણ અને દૈનિક કામકાજ માટે જતા લોકોને ભારે મુશ્કેલી પડી હતી.

ડભોઇ તાલુકા ભાજપમાં આંતરિક અસંતોષ

# ભાજપના અનુસુચિત જન જાતિ મોરચામાં ભૂમાફિયા તરીકે ચર્ચાતા વ્યક્તિની વરણી!

**કરનાળી** પીપળીયાના કાર્યકરોમાં પણ વિરોધ, જિલ્લા કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી

(પ્રતિનિધિ) ડભોઇ, તા.1

તાજેતરમાં ભાજપ દ્વારા ડભોઇ તાલુકાના વિવિધ મોરચાઓની રચના કરવામાં આવી છે. તેમાં અનુસુચિત જન જાતિ મોરચામાં કરનાળી વિસ્તારના ભરતભાઈ ગોપાલભાઈ તડવી ઉર્ફે ભૂપિન તડવીને મંત્રી તરીકે વરણી કરવામાં આવતા પંથકમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના નિષ્ઠાવાન અને જૂના કાર્યકરોમાં આ નિર્ણયને લઈને દબાયેલા અવાજે અસંતોષ વ્યક્ત થઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, ડભોઇ તાલુકાના કરનાળી પીપળીયા ખાતે સુરતથી રેતી ભરવા આવેલા બે ઈસમો સાથે ભૂપિન તડવી અને તેના સાગરિતોએ ગાળો આપી મારપીટ કરી અને ફરી વિસ્તારમાં આવશો તો રેતીમાં દાટી દેવાની ધમકી આપ્યાનો આરોપ છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવા છતાં આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર હોવાનું કહેવામાં આવી રહ્યું છે, જેને લઈને રેતી એસોસિયેશનમાં પણ નારાજગી વ્યાપી છે.

અંતરંગ સૂત્રોના જણાવ્યા મુજબ, ભાજપના વફાદાર કાર્યકરોમાં ચર્ચા ચાલી રહી છે કે આવા વિવાદાસ્પદ નામોની વરણી પછી મતદારોને શું જવાબ આપવો તે પ્રશ્ન ઊભો થયો છે. કેટલાક કાર્યકરો જિલ્લા કક્ષાએ પણ ભૂપિન તડવી સામે રજૂઆત કરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળ્યું છે. હવે પ્રશ્ન એ છે કે ભાજપનું મોવડીમંડળ આ મામલે શિસ્તનો દંડો ઉઠાવશે કે પછી વિવાદ વચ્ચે પણ નિર્ણય યથાવત રાખશે તે જોવાનું રહ્યું.

# શિનોર તાલુકાના સાધલી-કાયાવરોહણ નવા રોડની કામગીરીમાં વિલંબ

કોંગ્રેસ દ્વારા તાત્કાલિક રસ્તો પૂર્ણ કરવાની માંગ કરી

(પ્રતિનિધિ) શિનોર, તા.1

સાધલીથી કાયાવરોહણ તરફ જતા મુખ્ય માર્ગની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાના કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે કરજણ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પિન્ટુભાઈ પટેલ દ્વારા વડોદરા ખાતે જિલ્લા માર્ગ અને મકાન વિભાગના ઈજનેરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

માહિતી મુજબ, 22 સપ્ટેમ્બર 2025ના રોજ આસો નવરાત્રીના પ્રથમ નોરતે સાધલી-કાયાવરોહણ-પોરને જોડતો 7 મીટર પહોળો માર્ગ 10 મીટર કરવાનો પ્રોજેક્ટ આશરે રૂ. 57 કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો હતો. આ માર્ગનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ અને શૈલેષભાઈ મહેતા દ્વારા સંયુક્ત

રીતે કરવામાં આવ્યું હતું.

સ્થાનિકોમાં આશા જાગી હતી કે ટૂંક સમયમાં નવો માર્ગ તૈયાર થશે, પરંતુ અંદાજે છ મહિના વીતી ગયા છતાં કામગીરી પૂર્ણ થઈ નથી. માર્ગ પર ઉડતી ધૂળ અને અપૂર્ણ સ્થિતિને કારણે ખાસ કરીને દ્વિચક્રી અને નાના વાહનચાલકો માટે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. પિન્ટુભાઈ પટેલે રજૂઆતમાં જણાવ્યું છે કે જાહેર જનતાના હિતમાં રોડની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે. તેમણે ચેતવણી આપી છે કે જો સાત દિવસમાં કામગીરીમાં ગતિ નહીં લાવવામાં આવે તો તેઓ પ્રતિક ધરણા પર બેસશે.

# છોટાઉદેપુરમાં રાજસ્થાનના ઉદયપુરથી નીકળેલી 21 ફૂટ લાંબી ભવ્ય અષ્ટધાતુ ગદાના થયા દર્શન!

**નગરના** કાલિકા માતા મંદિરના ચોકમાં શ્રદ્ધાભેર પૂજા અર્ચના કરી આરતી કરાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1

ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાનો અનોખો સંગમ! રાજસ્થાનના ઉદયપુર સ્થિત કંચન સેવા સંસ્થાન દ્વારા એક ભવ્ય મિશન હાથ ધરવામાં આવ્યું છે. ઉદયપુરમાં નિર્માણ પામી રહેલા 11 મુખી અને 84 ફૂટ ઊંચા હનુમાનજીના ભવ્ય મંદિરના પ્રતીક સમી 21 ફૂટ લાંબી અષ્ટધાતુની ગદા હાલ ભારત ભ્રમણે નીકળી છે. જે આજરોજ છોટાઉદેપુર આવી પહોંચી હતી.

છેલ્લા 24 મહિનાથી દેશના ખૂણે-ખૂણે ફરી રહેલી આ વિશાળકાય ગદા જ્યારે છોટાઉદેપુર અને છોટાઉદેપુર તાલુકાના ગામડાઓમાં પહોંચી, ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. હજારો કિલો વજન ધરાવતી આ અષ્ટધાતુની ગદાના

દર્શન કરવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી.

છોટાઉદેપુર ના નગરજનો દ્વારા આ પવિત્ર ગદાનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. "જય શ્રી રામ" અને "જય હનુમાન"ના ગગનભેદી નાદ સાથે સમગ્ર પંથક ગુંજી ઉઠ્યો હતો. મહિલાઓ, વૃદ્ધો અને યુવાનોમાં આ દિવ્ય ગદાના દર્શન કરી આશીર્વાદ મેળવવાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ગદા એ ઉદયપુરમાં બનનારા એ ઐતિહાસિક હનુમાનજીના મંદિરનો ભાગ છે. જે આવનારા સમયમાં આસ્થાનું મોટું કેન્દ્ર બનશે. સમગ્ર દેશમાં ભ્રમણ કરીને આ ગદા ભક્તોને હનુમાનજીની શક્તિ અને ભક્તિનો સંદેશ આપી રહી છે. છોટાઉદેપુર જિલ્લામાંઆ ગદાના આગમનથી લોકોમાં હર્ષની લાગણી છવાઈ છે અને આ ભવ્ય યાત્રા હવે આગળના મુકામ તરફ પ્રસ્થાન કરશે.

ઉદયપુર રાજસ્થાનના કંચન સેવા સંસ્થાન દ્વારા નિર્મિત 84 ફૂટ ઊંચા હનુમાનજીના મંદિરની 21 ફૂટ લાંબી અષ્ટધાતુની ગદાનું નસવાડીમાં ભવ્ય આગમન! છેલ્લા 24 મહિનાથી દેશભરમાં ભ્રમણ કરી રહેલી આ દિવ્ય ગદાના છોટાઉદેપુરમાં ભક્તિભાવપૂર્વક પૂજન કર્યા.

# ડભોઇ આંબાવાડીઓ વિસ્તારની ગૌચર જમીન પર પાણીપુરવઠાની કામગીરીનો હુકમ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.1

ડભોઇના મહુડી ભાગોળ બહારના વિસ્તારોમાં પડતી પીવાના પાણીની તકલીફો ને લઈ પીવાના પાણીની મંજૂર થયેલ ટાંકીનું ખાતમુહૂર્ત કરાયું હતું. પરંતુ સરકારી ગૌચરની જગ્યામાં ટાંકી અને સંપ બનાવવા માટે જિલ્લા કલેક્ટર કચેરીએ થી હુકમની રાહ જોવાતી હતી. જેનો હુકમ કલેક્ટરે કરતા જ હવે પાણીની ટાંકી બનાવવાનો માર્ગ ખુલ્લો થવા પામ્યો છે.

ડભોઈના મહુડીભાગોળ બહારના રેલ્વે ગોદી, બછરાજ જીન, રાઇસમીલ, જનતાનગર, નવીનગરી, કોહીનુર પાર્ક, આંબાવાડીઓ, વસઈવાલાજીન, ઈદગાહ વિસ્તાર, દેસાઈ યાર્ડ, સોનેશ્વર પાર્ક, ઝોહરા પાર્ક, આફિયા પાર્ક,વેગા વાડીઓ, સંતપુરી સહિતના વિસ્તારોમાં વર્ષો થી પીવાના પાણીની ખુબજ તકલીફો પડી રહી હતી. જે ટાંકી વર્ષ 2018 નગર પાલિકામાં કોંગ્રેસના બોર્ડમાં કોર્પોરેટર નફીસાબેન મનસુરીની લેખિત રજૂઆત થી મંજૂર કરાઈ હતી. ત્યારે હાલના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ધ્વારા લોકોની પાણીની તકલીફોને ધ્યાન માં રાખી વિકાસ માં વિવાદ નહીં ના સૂત્ર ને સાર્થક કરી મંજૂર થયેલ ટાંકી બનાવવાનું ખાત મુહૂર્ત કરાયું હતું.જે બાદ માં ગૌચરની જમીન હોય જિલ્લા કલેક્ટર પાસે પાણી પુરવઠા ના કામો માટે મંજૂરી માંગી હતી. જે હુકમની રાહ જોવાતી હતી. જેમાં પાણી પુરવઠાના કામો માટે જિલ્લા કલેક્ટરે હુકમ કરતા હવે ડભોઈ નગર પાલિકા ધ્વારા પીવાના પાણીની ટાંકી અને સંપ બનાવવાના કામો ને વેગ મળશે.

# કરજણ-સાધલી માર્ગ પર ટ્રાફિક નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન: તંત્ર ક્યાં છે?

(પ્રતિનિધિ) કરજણ, તા.1

કરજણથી સાધલી તરફના માર્ગ પર ટલતી એક સામાન્ય બપોર, પરંતુ દ્રશ્યો અસામાન્ય અને ચિંતાજનક હતા. ટ્રાફિક નિયમોની ઐસી કી તૈસી કરતા વાહનચાલકો જાણે કે કોઈ કાયદાનું અસ્તિત્વ જ ન હોય તેમ બેફામપણે વાહન હંકારી રહ્યા હતા. આ દ્રશ્યો માત્ર બેદરકારી જ નહીં, પરંતુ સંભવિત ગંભીર અકસ્માતોને પણ આમંત્રણ આપી રહ્યા હતા.

ખાસ કરીને, કુરાલી અને વેમાર વચ્ચેનો એક કિસ્સો તો આંખો પહોળી કરી દે તેવો હતો. એક ઈક્કો ગાડી એટલી હદે ઓવરલોડ હતી કે તેમાં સામાન ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યો હતો. આ ઓવરલોડિંગની

પરાકાષ્ઠા એવી હતી કે ડ્રાઈવરે પોતાનો દરવાજો ખુલ્લો રાખીને વાહન ચલાવવું પડ્યું હતું. કલ્પના કરો, એક વાહનચાલક ખુલ્લો દરવાજો રાખીને, અસંતુલિત વાહન સાથે માર્ગ પર દોડી રહ્યો છે. આ દ્રશ્ય માત્ર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન નથી, પરંતુ અન્ય માર્ગ ઉપયોગકર્તાઓ માટે પણ જીવલેણ જોખમ ઊભું કરે છે.

આવા દ્રશ્યો જોયા પછી સ્વાભાવિકપણે જ પ્રશ્ન થાય છે કે ટ્રાફિક પોલીસ ક્યાં છે? તેમની કામગીરી શું છે? શું આવા ખુલ્લેઆમ થતા નિયમભંગ તેમને દેખાતા નથી? માર્ગ સલામતી માટે ઘડવામાં આવેલા નિયમોનું પાલન કરાવવાની જવાબદારી જેમના શિરે છે, તે તંત્રની નિષ્ક્રિયતા આશ્ચર્યજનક છે. "ટ્રાફિક નિયમો ક્યાં ગયા?" - આ પ્રશ્ન માત્ર એક નાગરિકનો નથી, પરંતુ માર્ગ સલામતીની ચિંતા કરતા દરેક વ્યક્તિનો છે.

આવી ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં, ઘણીવાર જોવા મળે છે કે જ્યાં સુધી કોઈ અકસ્માત ન થાય અથવા કોઈ સમાચાર પ્રસિદ્ધ ન થાય, ત્યાં સુધી તંત્ર સક્રિય થતું નથી. શું આ સમાચાર પ્રસિદ્ધ થયા પછી જ ટ્રાફિક પોલીસ આ વાહનચાલકને મેમો આપશે?

## નવાપુરા યુવક મંડળ દ્વારા કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

પાદરા : પાદરા ખાતે સમસ્ત નવાપુરા યુવક મંડળ દ્વારા કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે હનુમાન જન્મોત્સવ નિમિત્તે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોને લઈ વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. આ આયોજન અંતર્ગત ગત મોડી સાંજે જાણીતા ગાયક ચિંતન પટેલ (ઉમલ્લાવાળા)ના કંઠે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભજન સંધ્યામાં વિવિધ ભક્તિમય ભજનોની રમઝટ બોલાવી હતી, જેમાં ભક્તો ભક્તિરસમાં તરબોળ થઈ ગયા હતા. કાર્યક્રમ મોડી રાત સુધી ચાલ્યો હતો અને હાજર શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે ભજનોને વધાવી લીધા હતા. અંતે મોડી રાત્રે મહાઆરતી થવા પામી હતી.

કુલ 15 સામે ગુનો નોંધાયો

# પીપળી ગામે બે પક્ષ વચ્ચે અથડામણ: બંને તરફથી ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પીપળી ના વર્તમાન સરપંચ અને પૂર્વ સરપંચ ના પરિવાર વચ્ચે ગાડી ખસેડવા બાબતે થયેલી બોલાચાલી બાદ મારામારી. પોલીસે રાયોટીંગ નો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ બનાવને પગલે વિસ્તારમા તણાવનો માહોલ જોવા મળ્યો છે અને પોલીસે શાંતિ જળવાઈ રહે તે માટે જરૂરી પગલાં લીધા છે.

પાદરા તાલુકાના પીપળી ગામની સીમ વિસ્તારમાં જાહેર રસ્તા ઉપર થયેલી મારામારી અને ધમકીના બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ ગત રોજ સાંજના સમય દરમિયાન આ બનાવ બન્યો હતો, જ્યારે ફરિયાદી પોતાની કાર લઈને પીપળી-પાદરા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ફરિયાદી સંજયકુમાર હરેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ. ૩૮), રહે. પીપળી, ખડકીવાળું ફળિયું, તા. પાદરા, જી. વડોદરા ની ફરિયાદ મુજબ, તેઓ પોતાની કાર લઈને જતા હતા ત્યારે પીપળી દૂધ મંડળી પાસે રસ્તા પર આરોપી તેજપાલસિંહ મુકુન્દસિંહ રાજ પોતાની કાર ઉભી રાખીને ટ્રેક્ટર ચાલક સાથે વાતચીત કરતા હતા. ફરિયાદીએ હોર્ન મારવા છતાં કાર રસ્તામાંથી હટાવવામાં આવી નહોતી. આ બાબતે પૂછતાં તેજપાલસિંહ ઉશ્કેરાઈ ગાળો બોલવા લાગ્યા અને "આગળ આવ તો જોઈ લઈશ" કહી ધમકી આપી ત્યાંથી નીકળી ગયા.